For live updates : **Like** /Gujaratmitra | **Follow** /Gujaratmitra | /Gujaratmitr | **Subscribe** /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

પોલીસની ફ્લેગમાર્ચ

EVM વિતરણ

પોલીસ પેટ્રોલિંગ

તંત્રની સંપૂર્ણ તૈયારીઓ પૂર્ણ વડોદરાના રસ્તાઓ પર હવે માત્ર 'મતદાન જાગૃતિ'ના જ પડઘા

વડોદરા મહાનગર પાલિકા સહિતની ચૂંટણીઓ માટે આજે મતદાન

આજે સ્થાનિક સ્વરાજ્યનું મતદાન મહાપર્વ

19 વોર્ડના કુલ 76 ઉમેદવાર પૈકી વોર્ડ નં-2 અને વોર્ડ નં.11 ઉમેદવારો બિનહરીફ જાહેર થયા હતા

ગરમીની સંભાવના વચ્ચે મતદારોને કોઈ તકલીફ ન પડે તે માટે પાણી, છાયડો અને આરોગ્ય સુવિધાઓ સાથેનું માળખું દરેક બૂથ પર ગોઠવી દેવાયું

(પ્રતિનિધિ) વડોદરા. તા.25

વડોદરામાં આવતીકાલે રવિવારે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનો જંગ ખેલાશે. શહેર અને જિલ્લાના ખૂણે-ખૂણેથી લાખો મતદારો પોતાના મતાધિકારનો અમૂલ્ય ઉપયોગ કરવા માટે થનગની રહ્યા છે. ચૂંટણી તંત્રએ પોતાની સંપૂર્ણ તૈયારીઓ પૂર્ણ કરી લીધી છે અને વડોદરાના રસ્તાઓ પર હવે માત્ર 'મતદાન જાગૃતિ'ના જ પડઘા સંભળાઈ રહ્યા છે.

આવતીકાલે વડોદરાના 21,95,738 મતદારો શહેરના ભવિષ્યનું ચિત્ર નક્કી કરશે. સમગ્ર ચૂંટણી પ્રક્રિયાને સુચારુ રીતે ચલાવવા માટે 2406 મતદાન મથકો તૈયાર કરવામાં આવ્યા છે, જેમાં 5442 EVM મશીનો મતદારોના સંકલ્પને સુરક્ષિત રીતે કેદ કરશે. ચૂંટણી પંચની આ કવાયતમાં 13,234 પોલિંગ સ્ટાફ અને 7,939 પોલીસ જવાનોનો કાફલો રાત-દિવસ એક કરી રહ્યો છે, જે લોકશાહીની સુરક્ષા માટે કટિબદ્ધ છે.

ચૂંટણી તંત્રના સત્તાવાર આંકડા મુજબ, જિલ્લામાં કુલ મતદારોની સંખ્યા 21,95,738 છે, જેમાં 11,16,243 પુરુષ, 10,79,384 સ્ત્રી અને 111 અન્ય મતદારોનો સમાવેશ થાય છે. મતદારોને મતદાનમાં કોઈપણ પ્રકારની અગવડ ન પડે તે માટે ઝોનલ અધિકારીઓ દ્વારા તમામ મથકોની રૂબરૂ મુલાકાત લેવામાં આવી છે.

કેટલાક પરિવારો ટુર પર, મતદાન ઓછું થવાની શક્યતા

વડોદરામાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં આ વખતે ઓછું મતદાન થવાની ભીતિ સેવાઈ રહી છે. કારણકે, પ્રાથમિક શાળાઓમાં ઉનાળુ વેકેશન પડી ગયું છે. મોટે ભાગે કેટલાક પરિવારો શુક્રવારે રાત્રે તો કેટલાક લોકો ઘણા દિવસ પૂર્વેથી ટુર પર નીકળી ગયા છે. શનિ રવિની રજા આવતી હોવાથી આગોતરું આયોજન કરનારા લોકો ધાર્મિક પ્રવાસ સહિતના સ્થળો પર વેકેશન મનાવવા ઉપડી ગયા છે. તો કેટલાક વિવિધ પ્રસંગો હોવાથી શહેરની બહાર છે. બીજી તરફ કેટલાક શિક્ષિત લોકોએ તો આ વખતે મતદાન નહિ કરવા મન બનાવી લીધું છે. અગાઉના વર્ષોમાં સત્તા ભોગવી ચુકેલાઓના કારણે લોકોને જે હાલાકી અને હાડમારી પડી હતી. જેના કારણે આજે પણ કેટલાક નાગરિકોમાં છૂપો રોષ છે.

ચૂંટણીઓમાં હંમેશા ચર્ચાના કેન્દ્રમાં રહેતા 'સંવેદનશીલ' અને 'અતિ સંવેદનશીલ' મતદાન મથકો અંગે આ વખતે જિલ્લા કલેક્ટરએ કડક વલણ અપનાવ્યું છે. ગત ચૂંટણીઓ કરતા વિપરીત, આ વખતે તંત્રએ આ મથકોની માહિતી જાહેર કરવાનો ઈનકાર કર્યો છે. કલેક્ટરની આ વ્યૂહરચના પાછળ ચૂંટણીની ગોપનીયતા અને સુરક્ષાનું કારણ જવાબદાર માનવામાં આવે છે. વિવાદો છતાં વહીવટી તંત્ર પોતાની પસંદગીની ગુપ્ત નીતિ પર મક્કમ છે.

ચૂંટણીના આ જંગમાં એક પાસું એવું પણ છે જે આશરે 6,000 નાગરિકો માટે નિરાશાજનક છે. 17 ફેબ્રુઆરી, 2026 સુધીની અંતિમ યાદી બહાર પડ્યા બાદ જેમણે નામ નોંધાવ્યા હતા, તેવા 6,000 નવા મતદારો ટેકનિકલ કારણોસર આવતીકાલે મતાધિકારનો પ્રયોગ કરી શકશે નહીં. આ નાગરિકો માટે લોકશાહીની આ પ્રક્રિયામાં ભાગ લેવાનો ઉત્સાહ અધૂરો રહી જશે. જિલ્લા કક્ષાએ કંટ્રોલ રૂમ કાર્યરત કરી જેનો નંબર 0265-2427592 જાહેર કરાયો છે. આ ઉપરાંત, ચૂંટણી સ્ટાફ માટે મેડિકલ કિટ સહિત આરોગ્યની તાત્કાલિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાનું આયોજન પણ કરવામાં આવ્યું છે. વડોદરામાં લોકશાહીનું આ પર્વ શાંતિપૂર્ણ અને ઉત્સાહપૂર્વક ઉજવાય તેવી મજબૂત આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

21.95 લાખ
શહેર-જિલ્લાના મતદારો

2406
મતદાન મથક

5442
EVM સજ્જ

21 હજારથી
વધુ કર્મચારીઓ અને પોલીસ જવાનો ખડેપગે

6,000
નવા મતદારો ટેકનિકલ કારણોસર મતદાન કરી શકશે નહીં

0265-2427592
કંટ્રોલ રૂમ નંબર

પોલીસ બંદોબસ્ત

JCP-1,
Additional CP-1,
DCP-6,
ACP-13,
PI-58,
PSI-176
2057 પોલીસ જવાનો
247 નવા તાલીમાર્થીઓ
1406 હોમગાર્ડ સભ્યો
SRPFના જવાનો,
CISFની 1 કંપની

ભાજપની વોટર સ્લીપો કચરાના ઢગલામાંથી મળી

વોર્ડ નં. 7 માં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી વચ્ચે ચોંકાવનારી ઘટના સામે આવી છે. ભાજપના ઉમેદવારોની પ્રચાર સ્લીપો મતદારો સુધી પહોંચાડવાને બદલે નાગરવાડા વિસ્તારમાં રસ્તા પર અને કચરામાં ફેંકાયેલી હાલતમાં મળી આવી છે. જેના કારણે રાજકીય ગરમાવો ફેલાયો છે. વોટર સ્લીપ મતદારો માટે મહત્વપૂર્ણ માહિતી આપતું સાધન હોવા છતાં કાર્યકરોની બેદરકારી સામે આવી છે. સ્થાનિકોમાં ભારે રોષ છે અને લોકોનું કહેવું છે કે આ કારણે ઘણા મતદારો મતદાનથી વંચિત રહી શકે છે. 'ભરોસાની સરકાર'ના સૂત્ર વચ્ચે આવી ઘટનાએ પક્ષની છબી પર અસર પાડી છે અને ચૂંટણી પરિણામો પર પણ તેની અસર થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

મતગણતરી કેન્દ્રો પર નો-પાર્કિંગ અને વૈકલ્પિક રૂટની વ્યવસ્થા

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી-2026 અંતર્ગત મતગણતરી પ્રક્રિયા દરમિયાન કાયદો અને વ્યવસ્થા જાળવવા તેમજ ટ્રાફિક વ્યવસ્થા સુચારૂ રહે તે હેતુસર પોલીસ કમિશનર દ્વારા મહત્વપૂર્ણ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. મતગણતરી વડોદરા શહેરના પંડ્યા બ્રિજ પાસે આવેલી પોલીટેકનિક કોલેજ ખાતે મહા નગર પાલિકા વોર્ડ નં. 1 થી 19 માટે તેમજ દશરથ વિસ્તારમાં આવેલી એમ.પી. પટેલ હાઈસ્કૂલ ખાતે જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયત માટે યોજાવાની છે. મતગણતરી દરમિયાન મોટી સંખ્યામાં લોકો ભેગા થવાની શક્યતા હોવાથી ટ્રાફિક વ્યવસ્થા માટે પગલાં લેવાયા છે. 28 એપ્રિલના રોજ સવારે 4:00 વાગ્યાથી મતગણતરી પૂર્ણ ન થાય ત્યાં સુધી આ માર્ગો પર તમામ પ્રકારના વાહનો માટે નો-પાર્કિંગ જાહેર કરવામાં આવ્યું છે.જેમા ફતેગંજ સર્કલથી પંડ્યા બ્રિજ નીચે યુ-ટર્નથી પોલીટેકનિક કોલેજ સુધી ફતેગંજ પોલીટેકનિક કોલેજ રોડથી ગેંદા સર્કલ સુધી નહેરુ સર્કલથી સુંદરબજાર રોડ મારફતે જુનાવાડા સર્કલ સુધીના માર્ગની બન્ને બાજુ પોલીસ દ્વારા નાગરિકોને આ જાહેરનામાનું પાલન કરવા તથા વૈકલ્પિક માર્ગોનો ઉપયોગ કરવા અપીલ કરવામાં આવી છે. જેથી ટ્રાફિકમાં અવરોધ ન સર્જાય અને મતગણતરી પ્રક્રિયા શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થઈ શકે.

મતદાન પૂર્વે પોલીસની સંવેદનશીલ વિસ્તારોમાં ફ્લેગમાર્ચ યોજાઈ

ડીસીપી ઝોન-1 સહિત ઉચ્ચ અધિકારીઓની હાજરીમાં નવા ચાર્ડ વિસ્તારમાં ફૂટ પેટ્રોલિંગ

મહત્વપૂર્ણ વિસ્તારોમાં સીસીટીવી મારફતે સતત નજર રાખવામાં આવશે

(પ્રતિનિધિ) વડોદરા તા.25

વડોદરા શહેરમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીના પડઘમ શાંત પડ્યા બાદ હવે આવતીકાલે 26 એપ્રિલે મતદાન યોજાવાનું છે. મતદાન પ્રક્રિયા શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થાય તે માટે પોલીસ તંત્ર સજ્જ બન્યું છે અને શહેરના વિવિધ વિસ્તારોમાં કડક બંદોબસ્ત ગોઠવાયો છે.

વડોદરા શહેરમાં આવતીકાલે યોજાનાર સ્થાનિક સ્વરાજની ચૂંટણીને ધ્યાનમાં રાખીને પોલીસ તંત્ર એક્શન મોડમાં આવ્યું છે. સમગ્ર ચૂંટણી પ્રક્રિયા દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે શહેરના વિવિધ વિસ્તારોમાં પોલીસ તેમજ સીઆરપીએફની ટીમ દ્વારા ચેકિંગ, ફૂટ પેટ્રોલિંગ અને ફ્લેગ માર્ચ કરવામાં આવી રહ્યા છે.

આજ રોજ ડીસીપી ઝોન-1, એસીપી એ ડિવિઝન સહિતના ઉચ્ચ અધિકારીઓની હાજરીમાં નવા ચાર્ડ વિસ્તારના સંવેદનશીલ વિસ્તારોમાં ફૂટ પેટ્રોલિંગ હાથ ધરાયું હતું. પોલીસે વિસ્તારના લોકોને વિશ્વાસમાં લેતા શાંતિપૂર્ણ મતદાન માટે અપીલ કરી હતી અને કોઈ શંકાસ્પદ પ્રવૃત્તિ જણાય તો તરત પોલીસને જાણ કરવા અનુરોધ કર્યો હતો.

પોલીસ દ્વારા શહેરના ચેકપોસ્ટ પર વાહન ચેકિંગ પણ કડક બનાવવામાં આવ્યું છે, જેથી કોઈ અસામાજિક તત્વો દ્વારા ગેરકાયદેસર પ્રવૃત્તિઓ અટકાવી શકાય. સાથે જ મહત્વપૂર્ણ વિસ્તારોમાં સીસીટીવી મારફતે સતત નજર રાખવામાં આવી રહી છે.

ડીસીપી દ્વારા નાગરિકોને લોકશાહી પર્વમાં વધુમાં વધુ ભાગ લેવા અને નિર્ભયપણે મતદાન કરવા અપીલ કરવામાં આવી છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે પોલીસના મજબૂત બંદોબસ્ત વચ્ચે વડોદરામાં મતદાન શાંતિપૂર્ણ અને નિષ્પક્ષ રીતે પૂર્ણ થશે.

ગરમીનો પારો 43° સુધી જઈ શકે, મતદાન ઘટવાની શક્યતા

ગરમીનો પારો 42.5 ડીગ્રીએ પહોંચતા અગનવર્ષા

(પ્રતિનિધિ) વડોદરા,તા.25

હવામાન વિભાગે રાજ્યમાં આકરી ગરમી અંગે ચેતવણી આપી છે. તાપમાનમાં આગામી દિવસોમાં 2થી 3 ડિગ્રીનો વધારો થવાની શક્યતા છે. શનિવારે વડોદરામાં મહત્તમ તાપમાન 42.5 ડિગ્રી અને લઘુત્તમ 25 ડિગ્રી નોંધાયું હતું, જ્યારે હવામાં ભેજ સવારે 41% અને સાંજે 20% રહ્યો હતો.

એપ્રિલના અંતે વધતી ગરમીને કારણે વડોદરા સહિત સમગ્ર રાજ્ય અગનભઠ્ઠી જેવું બની ગયું છે. ઉત્તર-પશ્ચિમ દિશાના પવનને કારણે તાપમાનમાં વધુ વધારો થવાનો અંદાજ છે. રવિવારે વડોદરામાં તાપમાન 43 ડિગ્રી સુધી પહોંચી શકે છે, જ્યારે રાજ્યભરમાં 41થી 44 ડિગ્રી વચ્ચે રહેવાની આગાહી છે. 28 એપ્રિલ સુધી ભારે ગરમી રહેશે, ખાસ કરીને મધ્ય, દક્ષિણ અને ઉત્તર ગુજરાતમાં તાપમાન 43 ડિગ્રી પાર જવાની શક્યતા છે. ચૂંટણી દરમિયાન ગરમીને ધ્યાનમાં રાખીને દરેક બૂથ પર એમ્બ્યુલન્સ સહિત જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ રાખવામાં આવી છે, જેથી મતદારોને તકલીફ ન પડે.

1100 મતદાન બુથ પર 3500થી વધુ જવાનો તૈનાત રહેશે

કોઈ અનિચ્છનીય બનાવ ન બને માટે સીઆરપીએફ, SRPF, CISF અને હોમગાર્ડ ખડેપગે ફરજ બજાવશે

(પ્રતિનિધિ) વડોદરા તા.25

વડોદરા શહેરમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને પગલે પોલીસ તંત્ર સંપૂર્ણ સતર્ક બન્યું છે. 26 એપ્રિલે યોજાનાર મતદાન દરમિયાન શાંતિપૂર્ણ અને નિષ્પક્ષ પ્રક્રિયા સુનિશ્ચિત થાય તે માટે શહેરભરમાં ચુસ્ત બંદોબસ્ત ગોઠવાયો છે. જોઈન્ટ સીપી, એડિશનલ સીપી, ડીસીપી સહિતના ઉચ્ચ અધિકારીઓ સાથે પોલીસકર્મીઓ, હોમગાર્ડ, SRPF અને CISFની એક કંપની સહિત કુલ 3500થી વધુ જવાનો તૈનાત કરવામાં આવ્યા છે.

ચૂંટણી અંતર્ગત મહાનગરપાલિકાના 19 વોર્ડ, જિલ્લા પંચાયતની 7 અને તાલુકા પંચાયતની 13 બેઠકો માટે મતદાન યોજાશે. શહેરમાં કુલ 1100 મતદાન બુથ અને 362 બિલ્ડિંગ તેમજ જિલ્લા-તાલુકા માટે 88 બુથ અને 43 બિલ્ડિંગમાં વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. દરેક સ્થળે કડક સુરક્ષા સાથે સતત પેટ્રોલિંગ પણ હાથ ધરાયું છે.

પોલીસે સંવેદનશીલ વિસ્તારોમાં વિશેષ નજર રાખી છે અને કોઈ ગેરકાયદેસર પ્રવૃત્તિ ન થાય તે માટે સઘન ચેકિંગ અને મોનિટરિંગ ચાલી રહ્યું છે. આદર્શ આચારસંહિતાનો કડક અમલ થાય તે માટે પણ કાર્યવાહી કરવામાં આવી રહી છે.

પોલીસ કમિશનર નરસિંહા કોમારે જણાવ્યું હતું કે 1 એપ્રિલથી લાગુ આચારસંહિતાને પગલે શહેરમાં ગુનાહિત તત્વો સામે કડક પગલાં લેવાયા છે. કુલ 33 પાસા, 7 તડિપાર અને 4000થી વધુ શંકાસ્પદ તત્વો સામે કાર્યવાહી કરવામાં આવી છે. ઉપરાંત વાહન ચેકિંગમાં હજારો વાહનો તપાસાયા છે અને ડ્રિંક એન્ડ ડ્રાઇવ સહિતના કેસ નોંધાયા છે.

વડોદરા શહેરમાં 1494 વોરંટની બજવણી કરાઈ છે. શહેરનાં સંવેદનશીલ અને અતિસંવેદનશીલ વિસ્તારમાં એરીયા ડોમીનેશન અને ફુટ પેટ્રોલીગ કરવામાં આવી રહયુ છે.

મતદારોને રીઝવવા માટે કોંગ્રેસના ઉમેદવારે દારૂનો જથ્થો મંગાવ્યો

કોંગ્રેસના ઉમેદવાર આશિષ જોષીએ મંગાવેલા 4 લાખના વિદેશી દારૂ સાથે કાર ચાલક ઝડપાયો

કવાટ બાજુથી નંબર પ્લેટ વગરની કારમાં દારૂ ભરી આવતા ચાલકને સંખેડા પોલીસે ઝડપ્યો, આશિષ જોષી વોન્ટેડ

(પ્રતિનિધિ) વડોદરા તા.25

સ્થાનિક સ્વરાજની ચૂંટણીને હવે માત્ર એક દિવસ બાકી રહ્યો છે, ત્યારે ઉમેદવારો મતદારોને રીઝવવા માટે વિવિધ રીતો અપનાવી રહ્યા છે. આ વચ્ચે સંખેડા પોલીસ દ્વારા કરવામાં આવેલી કાર્યવાહીમાં લાખો રૂપિયાના વિદેશી દારૂના જથ્થા સાથે એક આરોપીને ઝડપી પાડવામાં આવ્યો છે, જ્યારે આ કેસમાં સંડોવણી સામે આવતા વડોદરા કોંગ્રેસના ઉમેદવાર આશિષ જોષીને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે, જેના કારણે રાજકીય માહોલ ગરમાયો છે.

આરોપી

માહિતી મુજબ, સંખેડા પોલીસ સ્ટેશનની ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે બાતમી મળી હતી કે નંબર પ્લેટ વગરની ઈકો કારમાં વિદેશી દારૂનો જથ્થો લઈ બહાદરપુર તરફથી ડભોઈ તરફ જવામાં આવી રહ્યો છે. બાતમીના આધારે પોલીસે બહાદરપુર ગામ નજીક ઓરસંગ નદીના ડાયવર્ઝન પાસે વોચ ગોઠવી હતી. થોડા સમય બાદ શંકાસ્પદ ઈકો કાર આવતા પોલીસે તેને રોકવાનો પ્રયાસ કર્યો હતો. જોકે કારચાલકે ભાગવાનો પ્રયાસ કરતા વાહન રેતીમાં ફસાઈ ગયું હતું, જેના કારણે પોલીસે તરત જ તેને કાબૂમાં લીધો હતો. પૂછપરછ દરમિયાન આરોપીએ પોતાનું નામ પ્રમોદ પંચનારાયણ પાન્ડેય (ઉંમર 24, રહે. ડભોઈ) હોવાનું જણાવ્યું હતું.

ભાજપ હારી રહી હોવાથી ષડયંત્ર : આશીષ જોષી

આશિષ જોષીએ ગંભીર આક્ષેપ કરતા જણાવ્યું કે બહાદરપૂર પાસેથી ઝડપાયેલા દારૂના કેસમાં પ્રમોદ પાંડેની ધરપકડ કરવામાં આવી છે અને ડભોઇના એક વ્યક્તિ દ્વારા આશિષ જોષી દ્વારા દારૂનો ઓર્ડર આપવામાં આવ્યો હતો એવું જણાવાયુ છે ત્યારે આ સમગ્ર મામલો રાજકીય ષડયંત્રનો ભાગ છે, કારણ કે વોર્ડ-15માં ભાજપ હારી રહી હોવાથી અમને ફસાવવાનો પ્રયાસ થયો છે. તેમણે દાવો કર્યો કે તેમના નામને ખોટી રીતે કેસમાં ફસાવવામાં આવ્યો છે. જો અમને ન્યાય નહીં મળે તો સુપ્રીમ કોર્ટ સુધી લડત આપવાની ચેતવણી આપી છે. જરૂર જણાશે તો આરોપીનું નાર્કોટેસ્ટ કરાવીશું. ભૂતકાળમાં પણ પોલીસ દ્વારા લોકોના ઘરમાં ડ્રગ્સ મુકીને ખોટી રીતે ફસાવાયા હોવાના કિસ્સા બની ચૂક્યા છે ત્યારે આ સમગ્ર કાંડ કોના ઇશારે થઈ રહ્યું છે તે મતદારો જાણે છે તેમ આશિષ જોશીએ આક્ષેપ કર્યા છે.

કારની તપાસ દરમિયાન પોલીસને રૂ. 3.96 લાખનો વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. ઉપરાંત, નંબર પ્લેટ વગરની ઈકો કાર (રૂ. 1 લાખ) અને મોબાઈલ ફોન (રૂ. 5 હજાર) સાથે કુલ રૂ. 5.01 લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. પ્રાથમિક પૂછપરછમાં આરોપીએ જણાવ્યું હતું કે આ દારૂ વડોદરાના કોંગ્રેસના ઉમેદવાર આશિષ જોષીના સંપર્કથી મંગાવવામાં આવ્યો હતો અને તેને પહોંચાડવાનો હતો. આ નિવેદનના આધારે પોલીસે આશિષ જોષીને વોન્ટેડ જાહેર કરી તેમની શોધખોળ શરૂ કરી છે.

વડોદરા શહેર વિસ્તારમાં 6 સ્થળોએ, નગરપાલિકા 4 તેમજ વડોદરા જિલ્લા અને તાલુકા કક્ષાએ 24 ડિસ્પેચ

શહેર-જિલ્લામાં 34 સ્થળોએથી EVM ફાળવણી જીપીએસ ટ્રેકિંગ સિસ્ટમથી સજ્જ વાહનોમાં રવાના

સમગ્ર રવાનગી પ્રક્રિયા દરમિયાન ઝોનલ ઓફિસરો, માઈક્રો ઓબ્ઝર્વર્સ અને સુરક્ષા કર્મીઓ દ્વારા કડક દેખરેખ

(પ્રતિનિધિ) વડોદરા તા.25

આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ-૨૦૨૬ અન્વયે વડોદરા જિલ્લા પંચાયત, આઠ તાલુકા પંચાયત, ચાર નગરપાલિકા તેમજ વડોદરા મહાનગરપાલિકાની આવતીકાલે તા. ૨૬/૦૪/૨૦૨૬ ના રોજ યોજાનાર ચૂંટણી સંદર્ભે આજે વહીવટી અને ચૂંટણી તંત્ર દ્વારા ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન (ઈ.વી.એમ.) ફાળવણી અને રવાનગીની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા મુક્ત, ન્યાયી અને શાંતિપૂર્ણ વાતાવરણમાં મતદાન પ્રક્રિયા સંપન્ન થાય તે માટેની તમામ આનુષંગિક પૂર્વ તૈયારીઓને આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે.

મતદાનની સમગ્ર પ્રક્રિયાને સુવ્યવસ્થિત અને પારદર્શક રીતે પાર પાડવા માટે વડોદરા જિલ્લામાં વિવિધ સ્તરે ડિસ્પેચિંગ અને રિસીવિંગ સેન્ટરો કાર્યરત કરવામાં આવ્યા છે. જે અંતર્ગત વડોદરા શહેર વિસ્તારમાં કુલ ૬ સ્થળોએ, નગરપાલિકા કક્ષાએ ૪ સ્થળોએ તેમજ વડોદરા જિલ્લા અને તાલુકા કક્ષાએ કુલ ૨૪ સ્થળોએ મળીને સમગ્ર જિલ્લામાં કુલ ૩૪ સ્થળોએથી ઈ.વી.એમ. રિસીવિંગ અને ડિસ્પેચિંગની કામગીરી ખૂબ જ ચીવટપૂર્વક અને આયોજનબદ્ધ રીતે કરવામાં આવી હતી.

ઈ.વી.એમ. ડિસ્પેચિંગ કેન્દ્રો પર રાજ્ય ચૂંટણી આયોગની માર્ગદર્શિકા મુજબ સુરક્ષા અને ચોકસાઈના તમામ માપદંડો જાળવવામાં આવ્યા હતા. દરેક કેન્દ્ર પર પ્રિસાઈડિંગ ઓફિસર અને પોલિંગ ઓફિસરોને તેઓની ફાળવાયેલી ચૂંટણી સામગ્રી, જેમાં બેલેટ યુનિટ, કંટ્રોલ યુનિટ, વિવિધ વૈધાનિક અને બિન-વૈધાનિક કવર્સ તથા જરૂરી સ્ટેશનરીની ઝીણવટપૂર્વક ચકાસણી કરીને સોંપણી કરવામાં આવી હતી. મતદાન મથકો પર રવાના થતી તમામ પોલિંગ પાર્ટીઓને ચુસ્ત પોલીસ બંદોબસ્ત હેઠળ નિયત કરાયેલા રૂટ પર જી.પી.એસ. ટ્રેકિંગ સિસ્ટમથી સજ્જ વાહનો મારફતે રવાના કરવામાં આવી હતી.